ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

જા.ક્ર. ૨૫૪/૨૦૨૪૨૫ – ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૨

વર્ગ–૩ સંવર્ગના ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે અગત્યની જાહેરાત

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ અને ખાતાના વડાની કચેરી હસ્તકના ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ–૨, વર્ગ–૩ સંવર્ગની કુલ–૩૪ જગ્યાઓ માટે મંડળની જા.ક્ર.૨૫૪/૨૦૨૪૨૫ અંતર્ગત ઉમેદવારોના પ્રમાણપત્રો ચકાસણી માટેની યાદી તા:૧૩/૧૦/૨૦૨૬ ના રોજ મંડળની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરી તેઓના પ્રમાણપત્રોની ચકાસણી અંગેની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

ઉક્ત ચકાસણીમાં કેટલાક ઉમેદવારો ગેરહાજર રહેતાં પસંદગી યાદીમાં સમાવવાપાત્ર કેટલાક વધુ સંભવિત ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવી જરૂરી બનતા ઉક્ત જાહેરાતની યાદીમાં નીચે દર્શાવ્યા મુજબના ઉમેદવારોના નામોનો સમાવેશ કરવામાં આવે છે. જે અંગે ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પર સંપર્ક કરવામાં આવી રહેલ છે. ઉક્ત સંવર્ગમાં પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવાના થતા ઉમેદવારોના નામની યાદી, પ્રમાણપત્રોની ચકાસણી માટેની તારીખ, સ્થળ અને સમય તથા તે અંગેની ઉમેદવાર માટેની સૂચનાઓ નીચે મુજબ છે.

પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ

સ્થળઃ કમિટિ હોલ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં. ૨, પ્રથમ માળ, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેકટર– ૧૦–એ, ગાંધીનગર

અ.નં.	પ્રમાણપત્રો ચકાસણીની તારીખ/વાર	સમય
૧	૨૬/૧૦/૨૦૨૬ સોમવાર	બપોરે ૧૪–૩૦ કલાક

અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે પાત્રતા ધરાવતા કુલ–૧૪ ઉમેદવારોના પરીક્ષાના બેઠક ક્રમાનુસારની યાદી

ANNEXURE-B

Sr. No.	Roll No.	Full Name	Gender	Caste Category	Total Marks
1	254000193	DARSHIT DEVRAMBHAI CHAUDHARI	M	SEBC	141.00
2	254000265	AHESAN MAHAMMADRAFIK SHAIKH	M	SEBC	140.50
3	254000366	JAYKISHANBHAI MEVABHAI PRAJAPATI	M	SEBC	141.75
4	254000403	DHARABEN SAVJIBHAI PADHIYAR	F	SEBC	142.25
5	254000419	URVASHIBEN BHARATJI THAKOR	F	SEBC	142.25
6	254000420	PIYUSH NAVNITBHAI BAKOTRA	M	SEBC	141.50

Sr. No.	Roll No.	Full Name	Gender	Caste Category	Total Marks
7	254000441	REENABEN PRAHLADBHAI LEUVA	F	SC	141.25
8	254000487	HEMA VIRAMBHAI MARU	F	SEBC	142.00
9	254000644	VISHAL DINESH BHAI SHRIMALI	M	SC	140.75
10	254000717	VAISHALI TUSHARGIRI GOSWAMI	F	General	146.50
11	254000742	SRUSHTI ASHOKBHAI RATHOD	F	SEBC	140.50
12	254000819	HEMANGNI BHEEKHABHAI SOLANKI	F	SC	142.00
13	254000931	DHRUVI KAMLESHKUMAR NAI	F	SEBC	140.50
14	254000999	MAULIK SANJAYBHAI DAV	M	SEBC	141.00

સૂચનાઓઃ-

(૧) પ્રસ્તુત યાદીમાં, ઉમેદવારોએ **MCQ-CBRT (Computer Based Recruitment Test)** પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ, લઘુત્તમ લાયકી ગુણ અને કેટેગરી વાઈઝ ભરવાની થતી જગ્યાઓના આધારે પસંદગી યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સારૂ બોલાવવાના થાય છે તેવા ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

જે ઉમેદવારોએ પોતાના અરજી ફોર્મમાં રમત-ગમતના ગુણ મેળવવા માટે દાવો કરેલ છે તેવા ઉમેદવારોના રમતગમતના પ્રમાણપત્રોની ચકાસણી બાદ રમતગમતનું માન્ય પ્રમાણપત્ર ધરાવતા હશે તો તેવા ઉમેદવારોને નિયમોનુસાર મેળવેલ ગુણના પાંચ ટકા ગુણ ઉમેરીને મેરીટસના ધોરણે પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

(૨) ઉપર દર્શાવેલ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની સંખ્યા અને જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાઓની વિગતો ધ્યાને લઈ ઉમેદવારોએ ઉકત પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરી પ્રમાણે પસંદગી યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૩) ઉમેદવાર, ઉપર દર્શાવેલ યાદીમાં પોતાના નામના સમાવેશ માત્રથી તેઓનો પસંદગી યાદીમાં સમાવેશ માટેનો કોઇ હક્ક દાવો કરી શકશે નહીં.

(૪) જે ઉમેદવારો ઉકત સંવર્ગની જગ્યાએ જોડાવવા માંગતા ના હોય અને પ્રમાણપત્રોની ચકાસણીમાં ઉપસ્થિત રહેવા માંગતા ન હોય તેવા ઉમેદવારોએ લેખિતમાં મંડળને જાણ કરવાની રહેશે.

(૫) અનિવાર્ય સંજોગોમાં ઉમેદવાર આ કાર્યક્રમમાં હાજર રહી શકે એમ ના હોય તો તેઓ તેમના વાલીને સંમતિપત્રક સાથે મોકલી પ્રમાણપત્રોની ચકાસણી કરાવી શકે છે. આ માટે નિયત નમુનાનું સંમતિ પત્રક વાલી સાથે મોકલવાનું ફરજીયાત છે.

(૬) ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી ઉપર દર્શાવેલ કાર્યક્રમ મુજબ કરવામાં આવનાર છે. ઉકત પત્રો, પ્રમાણપત્રોની ચકાસણીની સંબંધિત તારીખ પહેલાં ટપાલમાં મળેલ ન હોય તો પણ ઉમેદવારોએ કાર્યક્રમમાં દર્શાવેલ નિયત તારીખ અને સમયે નીચે દર્શાવ્યા મુજબના વય, જાતિ, શૈક્ષણિક લાયકાત વગેરેના અસલ તેમજ પ્રમાણપત્રોની બે-બે ઝેરોક્ષ નકલના સેટ સાથે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે. .

વધુમાં, ઉમેદવારે અરજી કરતા સમયે દર્શાવેલ વિગતો અને તેના અસલ પ્રમાણપત્રોની વિગતમાં વિસંગતતા દા.ત. જાતિના પ્રમાણપત્ર ક્રમાંક કે જાતિમાં વિસંગતતા કે ઉમેદવારના નામમાં વિસંગતતા કે કોઈ અન્ય બાબતમાં વિસંગતતા હોય તો ચકાસી લેવું અને જરૂરી લાગે તો તે બાબતનું એફિડેવિટ કરી સાથે લાવવાનું રહેશે.

(૭) ઉમેદવારોએ આ સાથે સામેલ પ્રમાણપત્રોની ચકાસણીના ફોર્મમાં જરૂરી વિગતો ભરી, નીચે દર્શાવેલ ક્રમ મુજબ લાગુ પડતા અસલ પ્રમાણપત્રો ગોઠવીને તથા તેની સ્વપ્રમાણિત ઝેરોક્ષ નકલો બે સેટમાં અવશ્ય સાથે લાવવાની રહેશે.

(૧) દરેક ઉમેદવારે પ્રમાણપત્રની ચકાસણીમાં આવતા સમયે ફરજીયાત અરજી ફોર્મ સાથે લાવવાનું રહેશે.

(૨) શાળા છોડયાનો દાખલો

(૩) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનો દાખલો.

(૪) **S.E.B.C**. ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર તેમજ નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૦૨૨, ૨૦૨૨–૨૦૨૩, ૨૦૨૩–૨૦૨૪ ની આવકના આધારે તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૧૯/૧૨/૨૦૨૪ દરમ્યાન ઇસ્યૂ થયેલ નોન– ક્રિમિલેયર પ્રમાણપત્ર.

(૫) આર્થિક રીતે નબળા **(EWS)** વર્ગના ઉમેદવારોએ તા.૨૦/૧૨/૨૦૨૧ થી તા.૧૯/૧૨/૨૦૨૪ દરમ્યાન મેળવેલ હોય તેવું આર્થિક રીતે નબળા **(EWS)** વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર

(૬) ધોરણ–૧૦ અને ધોરણ–૧૨ ની માર્કશીટ અને પ્રમાણપત્ર.

(૭) શૈક્ષણિક લાયકાતમાં દર્શાવેલ **સ્નાતકની પદવી** ની તમામ સેમેસ્ટરની માર્કશીટ અને પ્રમાણપત્ર

(૮) કોમ્પ્યુટરની જાણકારી અંગેનું પ્રમાણપત્ર

(૯) દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનાનુ સક્ષમ અધિકારી તરફથી મળેલ પ્રમાણપત્ર.

(૧૦) સ્પોર્ટસ ઉમેદવારો માટે નિયત રમતો પૈકીની રમતમાં નિયત કક્ષા (રાષ્ટ્રીય/ આંતર રાષ્ટ્રીય કક્ષા **અથવા** આંતર યુનિવર્સિટી **અથવા** અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં) એ પ્રતિનિધિત્વ કરેલ હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું નિયત નમૂનાનું પ્રમાણપત્ર (જોડાણ–ગ, નમૂના ફોર્મ–૧, ફોર્મ–૨, ફોર્મ–૩, ફોર્મ–૪ સામેલ છે.)

(૧૧) ફોટો આઇ.ડી. પ્રુફ (સરનામાવાળુ)

(૧૨) તાજેતરના પાસપોર્ટ સાઇઝના ૦૨–ફોટા

સ્થળ: ગાંધીનગર

તારીખ: ૨૨/૧૦/૨૦૨૬

સચિવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

જાહેરાત ક્રમાંક-૨૫૪/૨૦૨૪૨૫, ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૨, વર્ગ-૩ સંવર્ગની સીધી ભરતી માટે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની ચકાસણી

તા.   /   /૨૦૨૬, સમય: કલાક

તાજેતરનો
પાસપોર્ટ
સાઇઝનો ફોટો

૧	ઉમેદવારનું નામ	ગુજરાતીમાં (અટક છેલ્લે લખવી)		
		અંગ્રેજી કેપિટલ અક્ષરમાં (અટક છેલ્લે લખવી)		
૨	જન્મ તારીખ	(DD-MM-YYYY)		
		(In words)		
	તા.૧૯/૧૨/૨૦૨૪ ના રોજ ઉંમર		વર્ષ માસ દિવસ	
૩	વતનનું સરનામું			
૪	હાલનું સરનામું			
૫	સંપર્કની વિગતો	મોબાઈલ		
		ઈ-મેઈલ		
૬	એસ.એસ.સી.નું જન્મ તારીખ દર્શાવતું પ્રમાણ પત્ર સામેલ છે ? હા/ના એમ સ્પષ્ટ જણાવવું **(સામે (√) ની નિશાની કરો)**			હા ના
૭	અનામત કેટેગરીમાં સમાવેશ થાય છે? હા/ના એમ સ્પષ્ટ જણાવવું. **(સામે (√) ની નિશાની કરો)**			હા ના
	કઇ કેટેગરીમાં આવો છો?			
	સંબંધિત જિલ્લાના સક્ષમ અધિકારીએ ઇસ્યુ કરેલ પ્રમાણપત્ર સામેલ છે ? (EWS કેટેગરી તા.૨૦/૧૨/૨૦૨૧ થી તા.૧૯/૧૨/૨૦૨૪)			હા ના
૮	SEBC/OBC કેટેગરીના ઉમેદવારોએ "ક્રિમિલેયર"માં સમાવેશ થતો નથી તેવું નોન- ક્રિમિલેયર પ્રમાણપત્ર સામેલ કરેલ છે? (સામે (√) ની નિશાની કરો) (તા. ૦૧/૦૪/૨૦૨૨ થી તા. ૧૯/૧૨/૨૦૨૪)			હા ના
૯	**જાહેરાતમાં દર્શાવ્યા મુજબ શૈક્ષણિક લાયકાતમાં ____________ની પદવીના પ્રમાણપત્રો** સામેલ છે? હા/ના એમ સ્પષ્ટ જણાવવું **(સામે (√) ની નિશાની કરો)**			હા ના
૧૦	કોમ્પ્યુટરના પાયાના જ્ઞાન (સીસીસી) અંગેનું પ્રમાણપત્ર સામેલ છે ?			હા ના
૧૧	P.H. કેટેગરીના ઉમેદવારે સક્ષમ સતાધિકારીએ ઇસ્યુ કરેલ પ્રમાણપત્ર સામેલ કરેલ છે? કેટલા % P.H.છે?			હા ના
	પ્રમાણપત્રના નંબર અને તારીખ			
	સદર પ્રમાણપત્ર આપનાર અધિકારીની વિગતો			

તારીખ :-   /   /૨૦૨૬   ઉમેદવારની સહી

તાજેતરનો

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

જાહેરાત ક્રમાંક: ૨૫૪/૨૦૨૪૨૫- ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૨, વર્ગ-૩ સંવર્ગની મુખ્ય પરીક્ષાના અંતે કામચલાઉ રીતે લાયક ઠરેલ ઉમેદવારોને અસલ પ્રમાણપત્રોની ચકાસણીમાં ઉપસ્થિત ન રહેનાર ઉમેદવારનુ સંમતિપત્રક

રૂબરૂ ઉપસ્થિત ન રહેનાર ઉમેદવારનું સંમતિપત્રક

હું, શ્રી/સુશ્રી ...., કન્ફર્મેશન નં.............................. સરનામું .... સ્પર્ધાત્મક કસોટીનો બેઠક નં. .... છે. આથી સંમતિ આપું છું કે હું .... કારણોસર (આ અંગેનો પુરાવો આ સાથે સામેલ છે.) અસલ પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમમાં રૂબરૂ ઉપસ્થિત રહી શકું તેમ ન હોઇ, મારા વાલી-પિતા/માતા/ભાઈ/બહેન શ્રી ...., ઓળખના પુરાવા .... નંબર .... ને પ્રમાણપત્રોની ચકાસણી માટે રૂબરૂ ઉપસ્થિત કરાવવા માટે હું સંમતિ આપું છું. આ સાથે મારૂ સોગંદનામુ સામેલ છે.

સ્થળ:	ઉમેદવારની સહી અને નામ
તારીખ:	વાલીની સહી અને નામ

ઉમેદવારનો ફોટો જેના પર ઉમેદવારે સહી કરવાની રહેશે	વાલીનો ફોટો જેના પર ઉમેદવારે સહી કરવાની રહેશે